# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૩/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/ ૨૫૫૫-૩ તારીખ : ૦૩ - ૦૮ - ૨૦૨૩

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
મેં. ફાઈનેક્ષ ટેકનોકાસ્ટ
સર્વે નં.૨૬૧,પ્લોટ નં. ૧-૨, રીબડા રેલ્વે સ્ટેશનની સામે ઇ-મેલ :finextechnocast@gmail.com,
મું. પો. : ગુંદાસરા, તા. : ગોંડલ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૪
મોબાઈલ : ૯૭૨૫૧૬૨૧૨૨

વિષય : એચ.ટી. કનેક્શન નં. ૩૪૦૩૭ ના બીલોમાં ભૂલ હોવા અંગે.

સંદર્ભે: આપશ્રીની રજુઆત તા. ૧૦-૦૭-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૩/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,
( સી. જે. ગાજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, ગોંડલ.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ગોંડલ ગ્રામ્ય-૧.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/03/ક્વા-૨/૨૩-૨૪/ તા.

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -03/ક્વા-૨/૨૩-૨૪, તા.૧૧-0૭-૨0૨3

અરજદાર : મેં. ફાઈનેક્ષ ટેકનોકાસ્ટ., મુ : ગુંદાસરા

રજૂઆત કરનાર : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે જલ્પા કે. વણોટા અને મોહિની જે. વણોટ

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – ગોંડલ

રજૂઆત કરનાર : એમ.એમ.ગોહેલ, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી – ગોંડલ

:: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૨૦.0૭.૨0૨3 (ગુરૂવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૦.૦૭.૨૦૨3 (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી મેં. ફાઈનેક્ષ ટેક્નોકાસ્ટ, ગ્રાહક નં.3૪03૭ થી ૧૫૦૦ કે.વી.એ. નુ H.T. વીજજોડાણ ગોંડલ વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. અરજદારનું તા.૨૨.૧૦.૨૦૧૯ ના રોજ કનેક્શન રીલીઝ થયેલ છે. આ કનેકશનનો ઉપયોગ મેન્યુફેક્ચરિંગ તેમજ સ્ટાફ ક્વાર્ટર માટે થાય છે. આ કનેકશનમાં સ્ટાફ ક્વાર્ટર માટે જે વીજવપરાશ થાય તે માટે અલગથી સબમીટર મુકેલ છે.

૨.૧ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટ વોલ્યુમ નં. LIV મુજબ ગુજરાત એક્ટ નં. ૮ ઓફ ૨૦૧૩ ના પાના નં. ૮-૪ ના પાર્ટ-૧ મુજબ રેસીડેન્સીયલ સ્ટાફ ક્વાર્ટરને ગ્રામ્ય વિસ્તારમાં ફેક્ટરી આવેલ હોય ૭.૫% વીજકર ભરવાનો હોય છે, અરજદારની ફેક્ટરી ગ્રામ્ય વિસ્તારમાં આવેલ છે. અરજદારને આપવામાં આવેલ બીલોમાં સ્ટાફ ક્વાર્ટર લાઈટીંગના યુનિટોમાં ૧૫% વીજકર વસુલ કરેલ છે. અરજદારને ગાંધીનગરથી વીજકર માફી પ્રમાણપત્ર મળેલ છે. આ હુકમમાં અરજદારને તા.૨૪.૦૭.૨૦૨૦ થી ૧૭.૧૨.૨૦૨૪ સુધી સ્ટાફ ક્વાર્ટર સિવાયના વપરાશ ઉપર વીજકર માફી મળેલ છે.

૨.૨ ઉપરોક્ત વીજકર માફી સર્ટિફિકેટમાં સ્પષ્ટ લખેલ છે કે રેસીડેન્સીયલ અને કેન્ટીન સિવાયના બધા જ વપરાશ પર માફી આપેલ છે અને રેસીડેન્સીયલમાં ઈલેક્ટ્રીસીટી ડ્યુટી એક્ટ, ૧૯૫૮ ના શેડ્યુલ-૧ ની લાગુ પડતી આઈટમ((1)(a)) મુજબ ચાર્જ કરવો. ઈ.ડી. માફી સર્ટિફિકેટ મળ્યે જાન્યુ-૨૦૨૧ સુધી ઈ.ડી. પેટે ભરેલ રૂ.૯૦૭૮૪૬=૪૪ માથી ફેબ્રુઆરી-૨૦૨૧ ના બિલમાં ફક્ત રૂ.૮૪૬૭૬૮=૫૭ જમા આપેલ છે, આ સાથેના સ્ટેટમેન્ટ મુજબ તફાવતના અને સ્ટાફ ક્વાર્ટરના તફાવતના રૂ.૪૬૪૩૪૫=૫૫ જમા આપવાના થાય છે. આ બાબતની અરજી અરજદાર દ્વારા તા.૧૧.૦૪.૨૦૨૩ ના કાર્યપાલક ઈજનેર, ગોંડલને કરેલ તેનો પ્રત્યુતર રૂપે તા.૨૬.૦૪.૨૦૨૩ પત્ર નં. જીડીડી/રેવ/એચ.ટી/૩૪૦૩૭/૦૩૬૩૬ માં અરજદારની રજૂઆતને યોગ્ય રીતે મુલવણી ન કરતા અરજદારનું કનેકશન જે ઇન્ડસ્ટ્રીયલ કેટેગરીમાં આવે છે તે મુજબ ઈ.ડી. વસુલેલ છે તેવું જણાવેલ જેથી અરજદારને આ અરજી કરવાની ફરજ પડેલ છે. રજૂઆત મુજબની રકમ હવે પછીના બિલમાં વ્યાજ સહિત જમા આપે તેમજ હવેથી સ્ટાફ ક્વાર્ટરમાં ૭.૫% વીજકર વસુલ કરે તેવો હુકમ કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજૂઆત કરેલ છે.

## ::પી.જી.વી.સી.એલ.ની રજૂઆત::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પત્ર નં -૬૬૦૯ તા.૧૭-૦૭-૨૦૨૩ મુજબ મેં. ફાઇનેક્ષ ટેક્નોકાસ્ટ HT કનેકશન નં.૩૪૦૩૭ ના બીલમાં ભુલ હોવા અંગેની ફરીયાદ કચેરીને મળેલ છે. અરજદારશ્રીના HT કનેકશન નં.૩૪૦૩૭ માં વીજકર માફી પ્રમાણપત્ર નંબર.B/EX/NIU/Rajkot/2020/07/1375 ના અનુસંધાને તેમના ઔદ્યોગિક એકમના વીજવપરાશ પર તા.૨૪-૦૭-૨૦૨૦ થી તા.૧૭-૧૨-૨૦૨૪ સુધી વીજકર માફી આપવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.૧ અરજદારના એકમના અન્ય વીજવપરાશ જેવા કે રહેઠાણ (કવાર્ટર), વાણિજ્ય, સ્પોર્ટસ કલબ, લાઇબ્રેરી તથા કેન્ટીન અથવા આવા અન્ય હેતુઓ માટે વપરાશમાં વીજકર માફી આપવામાં આવેલ નથી.

3.૨ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટ એક્ટના સુચિત સુધારા નં.-૫ ના મુદા નં.-૧ ના પેટા મુદા નં.-3 મુજબ ઔધોગીક વીજકનેકશનમાં ૧૫% વીજકર વસુલવાનો રહે છે, તે મુજબ સદર રકમ અરજદારશ્રીએ ભરપાઇ કરવા પાત્ર છે.

## ::હુકમ::

૪.0 અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી મેં. ફાઇનેક્ષ ટેક્નોકાસ્ટ, ગ્રાહક નં.૩૪૦૩૭ થી ૧૫૦૦ કે.વી.એ. નુ H.T. વીજજોડાણ ધરાવે છે, સદર કનેકશનનો ઉપયોગ મેન્યુફેક્ચરિંગ તેમજ સ્ટાફ ક્વાર્ટર માટે થાય છે, આ કનેકશનમાં સ્ટાફ ક્વાર્ટર જેટલો વીજવપરાશ થાય તે માટે અલગથી મીટર મુકેલ છે.

૪.૨ અરજદારની રજૂઆત મુજબ તેઓનું સદર યુનીટ ગ્રામ્ય વિસ્તાર માં આવેલ હોવા છતાં પીજીવીસીએલ દ્વારા રહેણાંકના વીજ વપરાશી યુનીટ ઉપર ૭.૫% વીજકરને બદલે ૧૫% વીજકર વસુલ કરે છે, જે વધુ વસુલેલ વીજકરની તફાવતની રકમ રૂ.૪૬૪૩૪૫=૫૫ ને વ્યાજ સહીત પરત કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજૂઆત કરેલ છે.

૪.3 અરજદારની ઉપરોક્ત રજૂઆત અન્વયે પીજીવીસીએલ દ્વારા કરાયેલ રજૂઆત મુજબ મેં. ફાઇનેક્ષ ટેક્નોકાસ્ટ, ગ્રાહક નં.૩૪૦૩૭ ના વીજશુલ્ક સમાહર્તા કચેરીના વીજકર માફીના સર્ટીફીકેટ નં B/EX/NIU/Rajkot/2020/07/1375 Dt:18-01-2021 મુજબ તા.૨૪.૦૭.૨૦૨૦ થી તા.૧૭.૧૨.૨૦૨૪ સુધી સદર યુનીટના ઔદ્યોગિક હેતુ માટે કરેલ વપરાશમાં વીજમાફી આપેલ છે, જ્યારે અન્ય ઔદ્યોગિક હેતુ સિવાયના વપરાશી યુનીટ જેવાકે રહેણાંક, વાણીજ્ય, રમત-ગમત, ક્લબ, લાયબ્રેરી, કેન્ટીન વગેરેમાં

વીજકર માફી આપેલ નથી. વધુમાં સદર સર્ટીફીકેટના પેઈજ નં-૨ ના સીરીયલ નં-૧ માં નીચે મુજબ જણાવેલ છે. .... "Electricity Duty shall be levid @25% on entire consumption of all the electrical connections including lighting connection from Date:22-10-2019 to Date:17-12-019 and adjustment shall be done before refunding the amount as per this certificate. Further consumption recorded for residential purpose be charge as per the relavant item of the schedule to the ACT."

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબ પીજીવીસીએલની રજૂઆત મુજબ અરજદારનું સદર વીજજોડાણ ઓદ્યોગિક હેતુ માટે એચ.ટી. વીજજોડાણ ધરાવે છે, તે મુજબ વીજશુલ્ક સમાહર્તા કચેરીના પત્ર નં - D/INST/AMN/APR-2013/6180 Dt:09-04-2013 માં જણાવેલ ગુજરાત Electricity Duty ACT -1958 માં કરાયેલ સુધારો ACT No. 8/2013 ના પેજ નં -૪ માં જણાવેલ સીરીયલ નં – ૫(૧) હેઠળ પાર્ટ-૧ ના ક્રમાંક-3 મુજબ "For energy consumed by an industrial undertaking, other than energy consumed in respect of any of it's premises used for residential purposes – (a) where an industrial undertaking consume high tension energy – 15% of consumption charges. ........" જે મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારનું એચ.ટી. વીજજોડાણ ઓદ્યોગિક હેઠળ આવરેલ હોય, તેમજ અરજદારને સદર વીજ યુનીટમાં વીજકર માફી મળેલ હોય જેથી ઇન્ડસ્ટ્રીઝ હેતુ સિવાયના વીજ વપરાશ ઉપર વિદ્યુત શુલ્કની આકારણી શેડ્યુલ-(૧) પાર્ટ _૧(૩) મુજબ ૧૫% લેખે આકારણી કરેલ છે, જે અર્થઘટનની બાબત જણાય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૫ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા પ્રકાશિત ટેરીફ હુકમ અન્વયે વીજબિલના વિવિધ ઘટકોની વસૂલાત માટેના દર જે તે વર્ષ માટે નક્કી કરવામાં આવે છે. ફિક્સ ચાર્જ, એનર્જી ચાર્જ, ડિમાન્ડ ચાર્જ, ફયુઅલ ચાર્જ એડજસ્ટમેન્ટ વગેરે. સદર વીજબિલમાં ઘટકોના દર નક્કી કરવાની સત્તા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ પાસે વીજળી અધિનિયમ-૨૦૦૩ ની રૂએ છે જ્યારે વિદ્યુતશુલ્કના દર નક્કી કરવાની સત્તા ગુજરાત સરકારશ્રીની વિદ્યુતશુલ્ક સમાહર્તાની કચેરી પાસે હોય છે. જે Electricity Duty Act અંતર્ગત નક્કી કરવામાં આવે છે. ગુજરાત સરકાર વતી સદર વિદ્યુત શુલ્કની રકમ ડિસ્ટ્રીબ્યુશન લાયસન્સી દ્વારા ગ્રાહકો પાસેથી વીજ વપરાશના બિલમાં દર્શાવી વસૂલ કરીને સરકારશ્રીને જમા કરવામાં આવે છે.

૨૦૦૩ ના વીજળી અધિનયમ (૨૦૦૩ નો ૩૬ મો) ની કલમ-૪૨ ની પેટા કલમો ૦૫ થી ૦૭ માં સોપાયેલ સતાની રૂએ નામદાર વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે રાજ્યમાં ફોરમની સ્થાપના કરવા વિતરણ પરવાનેદારોને અને આયોગ દ્વારા લોકપાલની નિમણુક માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ વિનિયમો-૨૦૧૯ મુજબ ગ્રાહકોની ફરિયાદોની પતાવટ માટેની સમયમર્યાદા કાર્યપદ્ધતિ અને તેને લગતી આનુષાગિક અને ગૌણ બાબતો આવરેલ છે.

આમ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા અરજદારની વીજકર રીફંડ મેળવવા અંગેની રજૂઆત ફોરમ અને લોકપાલ વિનિયમો-૨૦૧૯ ના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થતી ન હોવાથી અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |